# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન દ્વારા કાશ્મીર મુદ્દો ઉઠાવવાનો સખત વિરોધ કર્યો.
2. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, પાસપોર્ટ સેવા કાર્યક્રમના બીજા તબક્કાની શરૂઆત ચિપ-સક્ષમ ઇ-પાસપોર્ટ સાથે થઇ છે.
3. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે ઇરાનની બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી.
4. મુન્દ્રા બંદરે નશાકારક પદાર્થ જપ્ત કરવાના મામલે મની લોન્ડરિંગ કેસમાં EDની દિલ્હીમાં પાંચ સ્થળોએ તપાસ.
5. ફીફા વર્લ્ડ કપમાં કોલંબિયાએ ગ્રુપ K માં ડીઆર કોંગોને 1-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 32 માટે ક્વોલિફાય કર્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# INDIA UN PAK

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન દ્વારા કાશ્મીર મુદ્દો ઉઠાવવાનો સખત વિરોધ કર્યો હતો, ઇસ્લામાબાદ પર સંયુક્ત રાષ્ટ્ર મંચનું રાજકીયકરણ કરવાનો આરોપ લગાવ્યો હતો, અને સાથે જ સહ-અધ્યક્ષ તરીકેના પોતાના પદનો દુરુપયોગ કરવા બદલ પણ તેની ટીકા કરી હતી.

ન્યૂ યોર્કમાં યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ અસીમ ઇફ્તિખાર અહમદની ટિપ્પણીનો જવાબ આપ્યો હતો. પાકિસ્તાનના હસ્તક્ષેપનો જવાબ આપતા, શ્રી હરીશે સહ-અધ્યક્ષના વર્તનની ટીકા કરી હતી અને જમ્મુ અને કાશ્મીર પર ભારતના લાંબા સમયથી ચાલતા વલણનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરનો કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો સંપૂર્ણપણે આંતરિક મામલો છે. ભારતીય રાજદૂતે યુએન-80 માળખા હેઠળ યુએનના આદેશોની સમીક્ષા વિશે પણ વાત કરી હતી, જેનો હેતુ સમગ્ર સંગઠનમાં કાર્યક્ષમતા સુધારવાનો છે.

# REV JAISHANKAR-PASSPORT DIVAS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, પાસપોર્ટ સેવા કાર્યક્રમના બીજા તબક્કાની શરૂઆત ચિપ-આધારિત ઇ-પાસપોર્ટની રજૂઆત, નવા પાસપોર્ટ સેવા કેન્દ્રો અને પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો ખોલવા અને પાસપોર્ટ જારી કરવાના રેકોર્ડ સ્તરને કારણે મુસાફરી સરળ બની રહી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રીએ 14મા પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે ભારત અને વિદેશમાં તમામ પાસપોર્ટ સત્તાવાળાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. જયશંકરે 'સુરક્ષિત પાસપોર્ટ, સુગમ સેવા, સશક્ત નાગરિક' ના વિઝન દ્વારા સંચાલિત પાસપોર્ટ સેવાઓની ડિલિવરીને ઝડપી, વધુ પારદર્શક અને સુલભ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પણ પુનઃપુષ્ટિ આપી હતી.

# INDIAN EMBASY IRAN- ADVISORY

ઈરાનના તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી. જેમાં ભારતીય નાગરિકોએ આગામી સૂચના સુધી દેશમાં બિન-આવશ્યક મુસાફરી ટાળવા, ઉચ્ચ સ્તરની સાવધાની રાખવા, સતર્ક રહેવા અને પરિસ્થિતિગત જાગૃતિ જાળવવાની સલાહ અપાઈ છે.

સાથે સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરાયેલ સૂચનાઓનું પાલન કરવા જણાવાયું છે. દૂતાવાસે વધુમાં ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો તેમજ દેશમાં મુસાફરી કરવાની યોજના બનાવી રહેલા લોકોને દૂતાવાસમાં તેમની વિગતો નોંધાવવા પણ જણાવ્યું છે. આ સાથે દૂતાવાસની સત્તાવાર વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું નિયમિતપણે નિરીક્ષણ કરવા પણ અપીલ કરી છે.

# ED-MUNDRA PORT CASE

મુન્દ્રા બંદરે ત્રણ હજાર કિલોગ્રામ નશાકારક પદાર્થની આયાત કેસ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં, ED દિલ્હીમાં પાંચ સ્થળોએ તપાસ કરી રહી છે.

ED ના અધિકારીઓએ જણાવ્યું કે હરપ્રીતસિંહ તલવાર, શમશુદર્ન અને તેમના સહયોગીઓ સાથે જોડાયેલા સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. ડ્રગના પૈસા દિલ્હીના નાઇટ ક્લબોમાં રોકાણ કરવામાં આવ્યા હોવાનો આરોપ છે.

હરપ્રીત સિંહ તલવારની અગાઉ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા આ જ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને તાજેતરમાં તેને જામીન પર મુક્ત કરાયો હતો. વધુ તપાસ ચાલુ છે.

# MINERAL BLOCK

ખાણ મંત્રાલયે 56 મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજ બ્લોક્સ અને 11 સંશોધન લાઇસન્સ બ્લોક્સની હરાજી કરી છે. આ સાથે હરાજી કરાયેલા બ્લોક્સની કુલ સંખ્યા 88 માંથી 56 થઈ ગઈ છે.

ગુજરાત, ઉત્તરાખંડ અને તેલંગાણામાં પ્રથમ વખત ખનિજ બ્લોક્સની હરાજી કરવામાં આવી હતી. જેમાં ગ્રેફાઇટ, વેનેડિયમ, ટાઇટેનિયમ, ગ્લુકોનાઇટ અને રોક ફોસ્ફેટ જેવા ખનિજોનો સમાવેશ થાય છે. હરાજી કરાયેલા સંશોધન લાઇસન્સ બ્લોક્સની સંખ્યા હવે 11 છે. અરુણાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં પ્રથમ વખત સંશોધન લાઇસન્સ બ્લોક્સની હરાજી કરવામાં આવી હતી.

ખાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હરાજી સ્વચ્છ ઉર્જા, ઇલેક્ટ્રિક ગતિશીલતા, નવીનીકરણીય ઉર્જા, ઇલેક્ટ્રોનિક્સ, સંરક્ષણ અને અદ્યતન ઉત્પાદન માટે જરૂરી ખનિજોના સંશોધન અને વિકાસને વેગ આપશે. આ આયાત પર નિર્ભરતા ઘટાડશે અને સ્થાનિક ખનિજ પુરવઠા શૃંખલાને મજબૂત બનાવશે.

# UP COACHING CENTER

લખનૌમાં એક કોચિંગ સેન્ટરમાં આગ લાગવાને પગલે, ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યમાં કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના નિયમનને મજબૂત બનાવવા અને ગેરકાયદેસર ઇન્સ્ટિટ્યૂટ પર કાર્યવાહી કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે, રાજ્યભરમાં અગ્નિ સલામતીના પગલાંનું "મિશન મોડ"માં નિરીક્ષણ કરવામાં આવશે. તેમણે સ્પષ્ટતા કરી કે, કોઈપણ ઇમારતનો ઉપયોગ તે હેતુ માટે જ થવો જોઈએ જેના માટે તેને મંજૂરી આપવામાં આવી છે. ભોંયરામાં કોઈ પણ કોચિંગ સેન્ટર, નર્સિંગ હોમ અથવા અન્ય વ્યાપારી પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MR. GOYAL-USA MEETING

ભારત અને અમેરિકાએ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને આગળ વધારવા માટે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો શરૂ કરી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે નવી દિલ્હીમાં અમેરિકન વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી હતી.

અગાઉ, શ્રી ગોયલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે તેઓ ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચાઓ માટે આતુર છે.

સર્જિયો ગોરે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં એમ પણ કહ્યું હતું કે બંને દેશો એક મજબૂત દ્વિપક્ષીય વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા તરફ નિર્ણાયક રીતે આગળ વધી રહ્યા છે. આનાથી નવી આર્થિક તકો ઊભી થશે અને ભારત-અમેરિકા આર્થિક ભાગીદારી મજબૂત થશે.

# CHINTAN SHIVIR- STEEL

ભારે ઉદ્યોગ મંત્રી એચ.ડી. કુમારસ્વામીએ સ્ટીલ ઉદ્યોગને ભવિષ્યના વિકાસ માટે ડિજિટલાઇઝેશન અપનાવવા અપીલ કરી છે. તેમણે આજે નવી દિલ્હીમાં આયોજિત સ્ટીલ ક્ષેત્રમાં ડિજિટલાઇઝેશન પરના વિચાર મંથન સત્રમાં આમ કહ્યું હતું.

તેમણે કહ્યું કે, દેશે 2018 થી વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદક તરીકે તેની મજબૂત સ્થિતિ જાળવી રાખી છે. નાણાકીય વર્ષ 2021-22 થી ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન વાર્ષિક ધોરણે આશરે 8 ટકા વધ્યું છે, જ્યારે સ્થાનિક માંગમાં વધારો થવાને કારણે ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ આશરે 13 ટકા વધ્યો છે.

તેમણે ઉત્પાદકતા, જાળવણી અને સલામતી વધારવા અને ખર્ચ ઘટાડવા માટે કૃત્રિમ બુદ્ધિ, મશીન લર્નિંગ, ડિજિટલ ટ્વિન્સ, રોબોટિક્સ અને અદ્યતન વિશ્લેષણ જેવી તકનીકોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

# YOUTH PARLIAMENT-PRIZE DISTRIBUTION

# (TAKE SUITABY)

કેન્દ્રીય વિદ્યાલયો માટે ૩૬મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા, ૨૦૨૫-૨૬નો ઇનામ વિતરણ સમારંભ આવતીકાલે નવી દિલ્હીમાં યોજાશે. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ આ સમારંભની અધ્યક્ષતા કરશે અને પુરસ્કાર વિજેતા વિદ્યાર્થીઓ અને વિદ્યાલયોને ઇનામ વિતરણ કરશે.

યુવા સંસદ યોજનાનો ઉદ્દેશ્ય યુવા પેઢીઓમાં સ્વ-શિસ્ત, વિવિધ મંતવ્યોની સહિષ્ણુતા, મંતવ્યોની ન્યાયી અભિવ્યક્તિ અને લોકશાહી જીવનશૈલીના અન્ય ગુણો કેળવવાનો છે.

# METRO CENTRAL VISTA

ગૃહ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં સેન્ટ્રલ વિસ્ટા કોરિડોર માટે સેન્ટ્રલ સેક્રેટરીએટ મેટ્રો સ્ટેશન પર બાંધકામ કાર્યનો પ્રારંભ કરાવ્યો. મીડિયા સાથે વાત કરતા, મંત્રીએ આ ક્ષણને ઐતિહાસિક ગણાવી અને ભાર મૂક્યો કે આ પ્રોજેક્ટ સરકારી કર્મચારીઓ અને તમામ વ્યાવસાયિકોના દૈનિક પરિવહને સરળ બનાવશે.

તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ આરકે આશ્રમ માર્ગથી ઇન્દ્રપ્રસ્થ સુધી ચાલશે. તેમાં વચ્ચે શિવાજી સ્ટેડિયમ ખાતે એક સ્ટેશનનો સમાવેશ થશે. તેમણે ઉમેર્યું કે, એકવાર પૂર્ણ થયા પછી, તે જનકપુરી પશ્ચિમથી ઇન્દ્રલોક સુધી સીમલેસ મુસાફરી સેવાઓને સક્ષમ બનાવશે.

# US-IRAN AGREEMENT

અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયો ખાડી ક્ષેત્રના ત્રણ દિવસના પ્રવાસે છે. તેઓ ગઈકાલે અબુ ધાબી પહોંચ્યા હતા અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના અધિકારીઓને મળતા અગાઉ સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને બહેરીનમાં વાટાઘાટો કરશે.

મુલાકાત દરમિયાન, તેઓ પ્રાદેશિક ભાગીદારોને અમેરિકા અને ઈરાન વચ્ચે હાલમાં ચાલી રહેલા વચગાળાના શાંતિ કરાર તેમજ સંભવિત અંતિમ કરાર માટેના માળખા વિશે માહિતી આપે તેવી શક્યતા છે.

શ્રી રૂબિયોએ ઈરાનને ભવિષ્યના કોઈપણ કરાર હેઠળ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ટોલ લાદવાની મંજૂરી આપવામાં નહીં આવે, તેના પર ભાર મુક્ત આવા પગલાને આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ ગણાવ્યું.

# DAY FIFA WORLD CUP

ફીફા વર્લ્ડ કપમાં  કોલંબિયાએ ગ્રુપ K માં ડીઆર કોંગોને 1-0 થી હરાવીને રાઉન્ડ ઓફ 32 માટે ક્વોલિફાય કર્યું છે, જ્યારે પોર્ટુગલે ઉઝબેકિસ્તાનને 5-0 થી પરાજય આપ્યો.

પોર્ટુગલના ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પોતાના બે ગોલ સાથે છ અલગ અલગ વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યા છે. ઇંગ્લેન્ડ અને ઘાના વચ્ચેની મેચ ડ્રો રહી હતી જ્યારે ક્રોએશિયાએ પનામાને 1-0 થી હરાવ્યું.

# AVS MENS CUP

ગુજરાતનાં અમદાવાદમાં ચાલી રહેલી એવીસી મેન્સ કપ 2026 વોલીબોલ સ્પર્ધામાં યજમાન ભારતે બહેરીનને સીધા ત્રણ સેટમાં હરાવી સતત ચોથી જીત નોંધાવી છે. આ સાથે ભારતે પૂલ-Aમાં ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે.

આ જીત સાથે ભારતે ચારેય મેચ જીતીને 12 પોઇન્ટ મેળવ્યા છે અને પૂલ-Aમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. પૂલ-Aમાં બહેરીન છ પોઇન્ટ સાથે બીજા સ્થાને છે, જ્યારે કઝાકિસ્તાન, ચાઇનીઝ તાઇપેઇ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા અનુક્રમે ત્યારબાદના સ્થાનો પર છે.

પૂલ-Bમાં ઇન્ડોનેશિયાએ 3-2 થી થાઇલેન્ડ સામે વિજય મેળવ્યો હતો. પૂલ-Bમાં હાલ થાઇલેન્ડ 6 પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ઇન્ડોનેશિયા બીજા સ્થાને છે.